

જાતનાં આંસુ

JP LABORATORIES, INC.
120 WOOD AVENUE
MIDDIESEX, NJ 08846
(732) 469-6670
(732) 469-6680 FAX
gnpatel@jplabs.com

જોયાં છે મેં

હતાશ માણસની આંખોમાં આંસુ
બેસહાય બાળકની આંખોમાં આંસુ
ટીયર ગેસથી બળતી આંખોમાં આંસુ
આંખમાં પડેલા કચરાથી આવતાં આંસુ
ડુંગળી કાપતા માણસની આંખોમાં આંસુ
એકટરની આંખોમાં ગ્લીસરીનનાં આંસુ
મુવી અને ટીવી જોતી આંખોમાં આંસુ
જોયાં છે મેં સાચાં અને ખોટાં આંસુ

જોયાં છે મેં

વિરહ અને મિલનનાં આંસુ
પ્રેમ અને નફરતનાં આંસુ
નિરાશા અને આનંદનાં આંસુ
યાદ અને ભુલનાં આંસુ
હાર અને વિજયનાં આંસુ
સંતોષ અને તૃષ્ણાનાં આંસુ
મરણ અને જન્મ પ્રસંગે આંસુ
જોયાં છે મેં હર પ્રસંગે આંસુ

જોયાં છે મેં

મોતી જેવાં ને ટપકતાં આંસુ
મુશળધાર વરસાદ જેવાં આંસુ
ગાલ ઉપર સુકાયેલાં આંસુ
આંસુ જોઈને પડતાં આંસુ
રદય ચિરે એવાં સાચાં આંસુ
જોઈ નથી મેં મગરની આંખો
પણ જોયાં છે મેં મગરનાં આંસુ
જોયાં છે મેં હર પ્રકારનાં આંસુ

જોયાં છે મેં

સુંદર આંખોમાં આંસુ
મોટા ડોળામાં જીણાં આંસુ
જીણી આંખોમાં મોટાં આંસુ
બંધ અને કાણી આંખોમાં આંસુ
અંગારા વરસાવતી આંખોમાં આંસુ
કોન્ટેક લેન્સવાળી આંખોમાં આંસુ
જોયાં છે મેં પ્રાણીઓની આંખોમાં આંસુ
જોયાં છે મેં હર આંખમાં આંસુ

જોયાં છે મેં

આંસુ વગર રડતા માણસોને
આંસુ પીને જીવતાં માણસોને
આંસુ પાડતા પોલીટીસીયનોને
ભુખ્યા બાળકની આંખોમાં આંસુ
ગરીબોને જીંદગી ભર પાડતાં આંસુ
માનો ન માનો જોયાં છે મેં
આંધળાની આંખોમાં પણ આંસુ
જોયાં છે મેં હર માણસની આંખમાં આંસુ

સાંભલો ભાઈ

સ્મશાનમાં આંસુ પાડજો સ્મશાનમાં
ભલ ભલા ભરમાય ને પિગળે આંસુથી
દિલ થશે હલકુ તમારું થોડાક આંસુથી
આવે તો આવવાદો તમારી આંખોમાં આંસુ
ખુટ્યાં નથી કે ખુટવાના નથી કોઈનાં આંસુ
આંખમાંથી નિકળતા પાણીને કહે છે આંસુ
જોયાં છે તમે માછલીની આંખમાં આંસુ?
ખુલી રાખજો આંખો, ભલે આવે કે ન આવે આંસુ

જોયાં છે મેં હરેકમાં, હર જાતનાં, હર પ્રસંગે આંસુ
પાડયાં છે અને પાડીશું આપણે બધા જાત જાતનાં આંસુ

• **ડૉ. ગોરધનીનાચજી (મણુંદવાળા)**
સોમરસેટ, ન્યુજર્સી (યુ.એસ.એ.)

INNOVATION
IS OUR BUSINESS